સરકારી આવાસોનાં ભાડાનાં દર નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર

માર્ગ અને મકાન વિભાગ

ઠરાવ ક્રમાંક: એસીડી/૧૦/૨૦૧૩/૯૯૮/(૪૧)/ન-૧.

૧૪/૩,સરદાર ભવન,સચિવાલય,ગાંધીનગર

તા.૩૧/૦૧/૨૦૧૫

સંદર્ભ : (૧) મા.મ.વિ.નો ઠરાવ ક્રમાંક: એસીડી/૧૧૯૭/૧૫૮૭/૫૮/ન-૧. તા.૯/૬/૧૯૯૮

(૨) મા.મ.વિ.નો ઠરાવ ક્રમાંક: એસીડી/૧૧૯૭/૧૫૮૭/૫૮/ન-૧. તા.૧/૧૦/૧૯૯૮

(૩) નાણા વિભાગનાં નોટીફિકેશન ક્રમાંક: (GN-8) PGR – 1009 -2-Pay Cell (M). તા.૨૭/૨/૨૦૦૯

આમુખ :

રાજ્ય સરકારે પાંચમા પગાર પંચનાં પગારધોરણોને ધ્યાનમાં લઇને સરકારી આવાસનાં માસિક ફ્લેટ રેટ , સ્ટાન્ડર્ડ રેટ , ઇકોનોમી રેટ અને માર્કેટ રેટનાં સુધારેલ દરો ઉપર સંદર્ભ (૧) આગળનાં ઠરાવથી અમલી બનાવેલ. આ દરો ઘણા જુના હોઇ અને ઉપર વંચાણે લીધા ક્રમાંક:(૩) આગળનાં નોટીફિકેશન અન્વયે હાલમાં છઠ્ઠા પગારપંચ મુજબનાં પગારધોરણો અમલમાં હોઇ સરકારી રહેણાંકનાં દરો નવેસરથી સુધારવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ નીચે મુજબ નિર્ણય કરેલ છે.

ઠરાવ :

સરકારી આવાસો સરકારી કર્મચારી/અધિકારીઓને રહેણાંકનાં હેતુ માટે ફાળવવામાં આવે છે. સંદર્ભ (૧) આગળ દર્શાવેલ તા.૯/૬/૧૯૯૮નાં ઠરાવથી સરકારી આવાસનાં ભાડાનાં જે દરો નિયત કરવામાં આવેલ હતા તે પાંચમા પગારપંચનાં પગારધોરણોને અનુરૂપ અને ઘણા જુના હોઇ સુધારવા જરૂરી હતા. સરકારી કર્મચારી/અધિકારીઓની બદલી/નિવૃત્તી/ચાલુ ફરજો દરમ્યાન અવસાન / નિયત મુદત માટે ફાળવેલ આવાસની મુદત પૂર્ણ થયા બાદ સરકારી આવાસો ખાલી કરવામાં આવતાં નથી અને તેનો બિનઅધિકૃત કબજો-ભોગવટો ચાલુ રાખવામાં આવે છે. આ સંજોગોમાં બિનઅધિકૃત સમયનું ભાડુ વસુલ કરવા માટે ધોરણસરનું ભાડુ (સ્ટાન્ડર્ડ રેટ) , આર્થિક ભાડુ (ઇકોનોમી રેટ) તથા બજાર ભાડુ (માર્કેટ રેટ) નક્કી કરવું જરૂરી છે. આથી ભાડાની ગણતરી, વસુલાત માટે નીચે મુજબનાં દરો આથી ઠરાવવામાં આવે છે.



3 0 MAR 2015

| અનુ. | ક્વાર્ટરની કક્ષા | માસિક ભાડુ (ફ્લેટ રેટ ) | ધોરણસરનું ભાડુ (સ્ટાન્ડર્ડ રેટ) | આર્થિક ભાડુ (ઇકોનોમીક રેટ) | બજાર ભાડુ (માર્કેટ રેટ ) |
|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. |
| ૧. | જ-૧ /એ | ૮૦ | ૬૦૦ | ૧૨૦૦ | ૪૮૦૦ |
| ૨. | કક્ષા–૧ | ૮૦ | ૬૦૦ | ૧૨૦૦ | ૪૮૦૦ |
| ૩.. | જ–૨ | ૮૦ | ૬૦૦ | ૧૨૦૦ | ૪૮૦૦ |
| ૪. | બી /જ | ૧૪૦ | ૬૦૦ | ૧૨૦૦ | ૪૮૦૦ |
| ૫. | છ / બી–૧ | ૨૦૦ | ૬૦૦ | ૧૨૦૦ | ૪૮૦૦ |
| ૬. | સી/ચ-૧ | ૩૦૦ | ૧૪૪૦ | ૨૮૮૦ | ૧૧૫૨૦ |
| ૭. | ચ | ૩૦૦ | ૧૪૪૦ | ૨૮૮૦ | ૧૧૫૨૦ |
| ૮. | ડી/ઘ-૧ | ૪૦૦ | ૧૪૪૦ | ૨૮૮૦ | ૧૧૫૨૦ |
| ૯. | ડી-૧/ઘ | ૪૮૦ | ૧૪૪૦ | ૨૮૮૦ | ૧૧૫૨૦ |
| ૧૦. | ગ-૧/ઇ | ૬૦૦ | ૨૪૦૦ | ૪૮૦૦ | ૩૦૦૦૦ |
| ૧૧. | ગ /ઇ-૧ | ૮૦૦ | ૨૪૦૦ | ૪૮૦૦ | ૩૬૦૦૦ |
| ૧૨. | ઇ-૨/ખ | ૧૦૪૦ | ૨૪૦૦ | ૪૮૦૦ | ૪૨૦૦૦ |
| ૧૩. | ક | ૧૦૪૦ | ૨૪૦૦ | ૪૮૦૦ | ૪૨૦૦૦ |
| ૧૪. | મંત્રીશ્રીઓનાં બંગલા | -- | -- | -- | ૮૪૦૦૦ |

૨. ઉપર્યુક્ત નવા નક્કી થયેલ ભાડાનાં દરો તા.૧/૨/૨૦૧૫ થી અમલમાં આવશે તથા દર પાંચ વર્ષે સમીક્ષાને પાત્ર રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી , નાણા વિભાગની તા.૨૬/૯/૨૦૧૪ની નોંધ તથા સરકારશ્રીની તા.૧/૧/૨૦૧૫ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે ,

( ટી.પી. મહેતા )

નાયબસચિવ(વસવાટ અને મહેકમ)

માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

* ૧. નામ.રાજ્યપાલશ્રીનાં સચિવશ્રી , રાજભવન ,ગાંધીનગર

૨. માન.મુખ્યમંત્રીશ્રીનાં અગ્રસચિવશ્રી , ગાંધીનગર

૩. તમામ માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/સંસદીયસચિવશ્રીઓનાં અંગતસચિવશ્રીઓ

૪. માન.વિરોધપક્ષનાં નેતાશ્રીનાં અંગતસચિવશ્રી,ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

* ૫. સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ , અમદાવાદ

* ૬ સચિવશ્રી,ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર

* ૭. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર

* ૮. રજીસ્ટ્રારશ્રી , ગુજરાત હાઇકોર્ટ , સોલા , અમદાવાદ

૯. સચિવશ્રી , ગુજરાત સીવીલ સર્વિસીઝ ટ્રિબ્યુનલ , ગાંધીનગર

૧૦. નાણા વિભાગ , સચિવાલય ,ગાંધીનગર

૧૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી , અમદાવાદ / રાજકોટ

૧૨. પગાર અને હિસાબી અધિકારીશ્રી , અમદાવાદ / ગાંધીનગર

૧૩. સચિવાલયનાં સર્વે વહીવટી વિભાગો

૧૪. સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ , માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય,ગાંધીનગર

૧૫. તમામ ખાતાનાં વડાશ્રીઓ

૧૬. સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ

૧૭. જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)

૧૮. સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ , મા.મ./પંચાયત વર્તુળો

૧૯. સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ , મા.મ./પંચાયત વર્તુળો

૨૦. સી-૧ , ન , આર શાખાઓ , માર્ગ અને મકાન વિભાગ

૨૧. સિલેક્ટ ફાઇલ - ૨૦૧૫

૨૨. ના.સે.અ. સિલેક્ટ ફાઇલ -૨૦૧૫

* પત્ર દ્વારા

---------

પરચ/૧૧૨૦૧૫/૩૯૯/મ-૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૪/૩/ ૨૦૧૫.

પ્રતિ,

રજીસ્ટ્રાર અધિકારીશ્રી, સર્વે શાખાઓ, કૃષિ અને સહકાર વિભાગ.
વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ / બોર્ડ / નિગમ / કૃ. યુનિ. ઓ.

ઉક્ત બાબતે જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

રજીસ્ટ્રાર અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ.

## પરિપત્ર

પ્રતિ,

આથી યુનિટ સબ યુનિટના સર્વ વડાઓ તથા યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીઓને જાણ કરવામા આવે છે કે, સરકારશ્રીના આદેશ નંબર એસીડી / ૧૦ / ૨૦૧૩ /૯૯૮ / (૪૧) / ન–૧ ૧૪/૩ તા.૩૧/૧૨૦૧૫ મુજબ **સરકારી વસવાટમાં કર્મચારીઓને ફાળવેલ મકાનોના મકાન ભાડાના દરોમાં તા.૧/૨/૨૦૧૫ ની અસરથી વધારો કરવામાં આવતા આ આદેશ મુજબ પગાર બીલમાં આ સાથે સામેલ આદેશ મુજબ મકાન ભાડાની કપાત કરવાની રહેશે.** અગાઉ પગાર બીલોમાં આ કપાત બાકી રહી ગયેલ હોય તો ચાલુ માસના પગાર બીલમાંથી એક સાથે તા.૧/૨/૨૦૧૫ની પાછલી અસરથી મકાન ભાડાની કપાત કરવાની રહેશે. પ્રસ્તુત આદેશ યુનિવર્સિટીના હિતમાં કરવામાં આવે છે.

જા.નં. નકૃયુ / કાઈ / બી–૭/ ૬૫૨૯ /૨૦૧૫
નવસારી તારીખ :– ૨૨/૫/૨૦૧૫

કાર્યપાલક ઈજનેર,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી.